## સોજીત્રાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મુ.સોજીત્રા.

## –:: આંક–૧ નીચે હુકમ ::–

(૧) સાંભળ્યા. અરજી તથા રેકર્ડ વંચાણે લીધું. હાલની અરજી અરજદારે તેમની સગીર દીકરી ચાંદનીને આ કામના સામાવાળાઓએ તેની ઈચ્છા અને મરજી વિરુધ્ધ ગોંધી રાખેલ હોય જેથી સામાવાળાઓના ગેરકાયદેસર કબજામાંથી છોડાવવા સર્ચ વોરંટ ઈસ્યુ કરવા હાલની અરજી કરેલ. અરજી અનુસંધાને સામાવાળાઓને નોટિસ કરતા સામાવાળાઓએ હાજર થયેલ છે. પરંતુ જવાબ રજુ કરેલ નથી.

(૨) અરજદાર તરફે વિ.વ.શ્રીની વધુમાં રજૂઆત છે કે, હાલની અરજી કલમ–૯૭ મુબજ તેમની પુત્રીનો કબજો મેળવવા માટે છે. આ કામના સામાવાળા નં.૧ તેમના સાસુ છે તથા નં.૨ તથા ૩ તેમના સાળા  છે. વધુમાં રજૂઆત કરવામાં આવેલ છે કે, તેમના પત્નીનુ અવસાન થયેલ છે પોતે સગીર દીકરીના પિતા હોય તેઓનો કબજો લેવા માટે સદર અરજી કરેલ છે.

(૩)  આ કામના સામાવાળાએ હાલની અરજી વિરૂધ્ધ પોતાના વાંધા જવાબ લેખિતમાં રજુ રાખેલ નથી માત્ર મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ચાંદનીને તેમની પાસે રાખવા માંગે છે. તેમના પિતા તેને સારી રીતે રાખશે નહિ તેમ જણાવેલ છે

ઉપરોકત પક્ષકારોની રજૂઆત  સાંભળી ધ્યાને લીધેલ છે  આ તબકકે બી એન એસ એસ ની કલમ– ૧૦૦ ની જોગવાઈ લક્ષમાં લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

૧૦૦. Search for persons wrongfully confined.- If any District Magistrate, Sub-divisional Magistrate or Magistrate of the first class has reason to believe that any person is confined under such circumstances that the confinement amounts to an offence, he may issue the search-warrant, and the person to whom such warrant is directed may search for the person so confined; and such search shall be made in accordance therewith, and the person, if found, shall be immediately taken before a Magistrate, who shall make such order as in the circumstances of the case seems proper.

(૪) હાલના કેસની હકીકતો લક્ષમાં લઈએ તો અરજદારના ૫ ત્ની સુધાબેન નું અવસાન થયેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં સામાવાળા તરફથી કહેવાતા આક્ષેપો સામે જોવામાં આવે તો

તેઓએ ફકત મૌખિક આક્ષેપો કર્યા છે. સદર કામના અરજદાર તથા તેમના પ ત્નીનું લગ્ન જીવન સારુ ચાલતુ ન હોવાનું પણ બંને બાજુની રજૂઆતોથી જણાઈ આવે છે.

અત્રેની કોર્ટ ધ્વારા સગીર ચાંદનીનું નિવેદન નોંધવામાં સોગંદની ગંભીરતા સમજતી હોઇ સોગંદ પરનુ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેણી જણાવે છે કે, ''હાલ હું ઝઘડીયા મારા નાના નાની સાથે રહુ છુ. મારી માતા નથી. મારે મારા પિતા સાથે જવુ છે. મારે મારા નાના નાની સાથે રહેવું નથી. મારા નાના નાની મને હેરાન કરતા નથી. મારા પિતા મને સારી રીતે રાખતા હતા. મારા મમ્મી અને પપ્પા નો ઝઘડો થયા બાદ મમ્મી મને નાના નાની પાસે લઇ ગયેલ. મારા મમ્મી હાલ નથી એટલે મારે હાલ મારા પપ્પા જોડે રહેવું છે. મારી બહેન પણ મારા પપ્પા સાથે રહે છે જેથી મારે મારા પપ્પા તથા મારી બહેન જોડે રહેવુ છે. મારા પપ્પા મને બહુજ સારી રીતે રાખે છે.''

રેકર્ડ પર ઉપલબ્ધ સામગ્રી તથા સગીર ચાંદનીનું કોર્ટ રૂબરૂનુ નિવેદન ધ્યાને લેતા સામાવાળાઓ ધ્વારા તેને wrongful confinement માં રાખવામાં આવેલ હોય તેવું જણાતુ નથી પરંતુ તેણી ધ્વારા સ્પષ્ટપણે અરજદાર પિતા સાથે જવાની ઇચ્છા વ્યકત કરવામાં આવેલ છે. અરજદાર તેણીના પિતા એટલે કે નેચરલ ગાડીર્યન છે. નિવેદન પરથી સામાવાળઓએ કરેલ મૌખિક આક્ષેપો મુજબની કોઇ અયોગ્યતા દર્શાવતી સામગ્રી રેકર્ડ પર આવેલ નથી.

હાલના કામે નામ.ગુજરાત હાઈકોર્ટ દવારા ગુમાનસિંગ બાલુભા વાઢેર વિ.સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાને ધ્યાને લઈએ તો સદર ચુકાદામાં પતિના મૃત્યુ બાદ પત્નીએ બાળકોની કસ્ટડી લેવા માટે સી.આર.પી.સી. કલમ–૯૭ મુજબની અરજી નીચલી કોર્ટમાં કરેલ હતી, જેમા બાળકની કસ્ટડી દાદા દાદીથી લઈને પત્નીને આપવાનો હુકમ કરવામાં આવેલ, જેના વિરુઘ્ધમાં દાદાની રીવીઝન અરજી નામંજુકર કરેલ અને નામંજુર કરતી વખતે ચર્ચા કરેલ કે જયારે કુદરતી વાલીમાંથી એક વાલી હયાત હોય તો તેને કસ્ટડી આપવી યોગ્ય છે.

Welfare of the child is paramount સદર કેસમાં સગીર ચાંદની ધ્વારા વ્યકત કરવામાં આવેલ સ્પષ્ટ ઈચ્છા, અરજદાર સાથેનો તેનો કુદરતી સંબંધ, માતાના અવસાનની હકીકત તથા ઉપલબ્ધ સમગ્ર પરિસ્થિતિને કોર્ટ ધ્વારા ઘ્યાને લેવામાં આવેલ છે. અરજદાર સગીર ચાંદનીના નેચરલ ગાર્ડિઅન છે, જયારે નેચરલ ગાર્ડીઅન હયાત હોય ત્યારે બાળકની કસ્ટડી નેચરલ ગાર્ડીઅનને જ મળે તેવી જ પ્રાથમિકતા હોવી જોઈએ. વઘુમાં અરજદાર સગીર દીકરીના કુદરતી વાલી હોય તેમજ બાળકીની પુરેપુરી કાળજી રાખવા સમર્થ છે તેવું માની શકાય,

બી.એન.એસ.એસ.ની કલમ –૧૦૦ ના તત્વો જોતા જયારે કોઈપણ વ્યકિતને ગેરકાયદેસર અટકાયતમાં રાખેલ હોય તો અટકાયતથી ગુનો બનતો હોય, તો બી.એન.એસ.એસની કલમ–૧૦૩ મુજબનું વોરંટ આપી શકાય. પરંતુ સગીર ચાંદનીના માતાના અવસાનના સંજોગો તથા ઉપરોકત કરવામાં આવેલ કાયદાકીય જોગવાઈઓ, પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા કેસની હકીકતો લક્ષમાં લેતા સગીર ચાંદનીનું હિત તેના પિતા કરતા વધારે અન્ય કોઈ વ્યકિત જાળવી શકે નહી તેમ કહી શકાય તેમ આ અદાલતનું સ્પષ્ટપણે માનવું હોય, સગીર દીકરી ચાંદનીબેનનો કબજો સોંપવાની તેમના પિતાની અરજ લગત ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–: આખરી હુકમ :–

(૧) અરજદારની હાલની અરજી બી.એન.એસ.એસની કલમ–૧૦૦ મુજબની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાઓએ સગીર દીકરી ચાંદની નાઓનો કબજો તેઓના પિતા ચિરાગભાઈ રાઠોડ નાઓને ત્વરીત સોંપવો.

(૩) વિકલ્પે જો સામાવાળાઓ સગીર ચાંદનીબેનનો પ્રત્યક્ષ કબજો તેઓના પિતાને સોંપણી ન કરે તો બી.એન.એસ.એસ.ની કલમ –૧૦૩ અન્વયે પી.આઈ.શ્રી સોજીત્રા જોગ સર્ચવોરંટ કાઢી સગીરનો જરૂરી કાળજી લઈ કબજો તેઓની પિતાને ત્વરીત અપાવવા આથી આદેશ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સોજીત્રા.
તારીખ:૧૯/૦૬/૨૦૨૬

પી.પી.પટેલ
જયુડી.મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ
સોજીત્રા
કોડ નં. જી.જે.૦૧૭૧૨